જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૧/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૫/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૯૮ લીટર દેશી દારૂ, ૬૪૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૨૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૭/૧૭**

**કાગડાપીઠઃ** મનસુખભાઇ રામજીભાઇ ગોહીલ (ઉ.વ.૫૦) (રહે.ગરીબદાસનગર રાજાવીર સોસાયટીની બાજુમાં ઠક્કરનગર) એ તા.૧૫/૧/૧૭ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મનસુખભાઈ ગોહીલ અવાર નવાર રાયપુર બીગ બજાર ખાતે ખરીદી કરવા જતા હોઈ આજથી આશરે છ માસ અગાઉ આરોપી નિરવસિંહ નાથુસિહ સિસોદીયા (રહે.ગામ દેલવાડા આબુ રોડ જિલ્લો સિરોઇ રાજસ્થાન) સાથે ઓળખાણ થતા નિરવસિહ સિસોદીયાને પી.આઇ.નો માણસ હોવાનુ જણાવી મનસુખભાઈને વિશ્વાસમાં લઇ ચાંદખેડા ઓ.એન.જી.સી.માં કોમ્પ્યુટરમાં નોકરી આપવાનુ કહી મનસુખભાઈ પાસેથી તેમજ બીજા અન્ય છ સાહેદો પાસેથી રૂપિયા ૨૦,૦૪૦/- લઇ વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એમ વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૮/૧૭**

**નિકોલઃ** જતિનભાઇ ગોરધનભાઇ પટેલ (ઉ.વ.૩૫) (રહે. ભક્તિ બંગ્લોઝ ભક્તિ સર્કલની બાજુમાં, નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧/૧૭ કલાક ૧૧/૦૦ થી કલાક ૧૧/૧૦ વાગ્યા દરમ્યાન રસરાજ જેકપોટ પાર્ટી પ્લોટમાંથી પોતાની લેધર બેગ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. જે બેગમાં સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૮,૦૦૦/-, સોનાનુ પેંડલ તથા કાનની બુટ્ટી ડાયમંડ સાથે કિમત રૂપિયા ૮૫,૦૦૦/-, સોનાની હાથની કડલી નંગ-૨ કિમત રૂપિયા ૫૮,૦૦૦/-, ચાંદીના છડા નંગ-૪ કિમત રૂપિયા ૫,૦૦૦/-, ચાંદીનો કંદોરો કિમત રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૨૧,૦૦૦/-મત્તા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન એન ચાવડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વટવાઃ** વિક્રમભાઇ પવનકુમાર અગ્રવાલ (રહે.ગોપાલબાગ સોસાયટી ભૈરવનાથ રોડ મણીનગર)એ તા.૧૫/૧/૧૭ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૮/૨૦૧૬ થી તા.૧૩/૧૦/૨૦૧૬ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન નારોલ મટનગલી શ્યામ ટેક્ષટાઇલ્સ ઇન્ડસ્ટ્રીઝમાંથી પ્રિંટીંગ રોલ નંગ-૯૭ કિમત રૂપિયા ૨,૪૮,૮૬૮/- મત્તાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એસ પટેલ ચલાવે છે.

**કાગડાપીઠઃ** જીગ્નાશાબહેન વા/ઓ દિપકકુમાર પટેલ (ઉ.વ.૩૫) (રહે.મણીકુંજ હનુમાનપરા ગ્રીન ચોક લીબડી તા.લીંબડી જીલ્લો સુરેન્દ્રનગર) તા.૧૩/૧/૧૭ રાતના ૯/૦૦ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ગીતા મંદીર એસ.ટી બસ સ્ટેશન પ્લેટ ફોર્મ નંબર-૨૩ થી પ્લેટ ફોર્મ નંબર-૧૦ સુધી બસમાં પોતાના ખભે ભરાવેલ પર્સમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૪૨,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિએ નજર ચુકવી ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ જીગ્નાશાબહેન પટેલે તા.૧૫/૧/૧૭ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પોસઈ.શ્રી એન કે ડાભી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૯/૧૭</u>**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** જેઠાભાઈ પ્રભુદાસ પટેલ (ઉ.વ.૬૬)(રહે.પટેલવાસ શાહવાડી ગામ નારોલ વટવા) તા.૧૫/૧/૧૭ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે નારોલ અસલાલી કલાપી હોટલ સામે રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી જેઠાભાઈને ટક્કર મારતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર જેઠાભાઈના પુત્ર અતુલભાઈ પટેલે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી વી જાડેજા ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૦/૧૭</u>**

વટવાઃ કૈલાશબહેન વા/ઓ રાજુભાઇ મીણા (ઉ.વ.૨૦) (રહે. શાહવાડી નારોલ ગામ વટવા) તા.૯/૧/૧૭ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ધરે પ્રાઇમસ ઉપર રસોઈ બનાવતા હતા ત્યારે પ્રાઇમસમાં ફૂંક મારતા પ્રાઇમસમા ભડકો થતાં દાઝી ગયા હતા. સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૧/૧૭ કલાક ૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમી.શ્રી "જે" ડિવિઝન ચલાવે છે.

**<u>છાપરાં ઉપર પતંગ લેવા જતા પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૧/૧૭</u>**

**શાહીબાગઃ** શાહીબાગ અસારવા તીરુપતિ કસ્ટ્ર. કેન્સર હોસ્પીટલ ખાતે રહેતા ભારત બેબરીયાની પુત્રી મમતાબહેન (ઉ.વ.૪) તા.૧૪/૧/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે છાપરાં ઉપર પતંગ લેવા જતા પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પીટલ લઇ જતા ફરજ પરના ડૉશ્રીએ મમતાબહેનને મૃત જાહેર કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે એલ ચૌહાણ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)